# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત વન સેવા,વર્ગ-રની નીચે દર્શાવેલ જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે ઓન લાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે **http://ojas.guj.nic.in** પર તા.૦૧-૦૩-૨૦૧૦ થી તા.૩૦-૦૩-૨૦૧૦ (સમય રાત્રીના૧૧-૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે. ઉમેદવારે તાજેતરનો **Photograph (10 kb)** અને **Signature (10 kb)** સાઈઝ થી વધારે નહિ તે રીતે **jpg format** માં **scan** કરી તૈયાર રાખવાનો રહેશે અને પોતાના બધાજ પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે.પસંદગીની પ્રક્રિયા માટે સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિનઅનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સા.શૈ. પ.વર્ગ | બિનઅનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સા.શૈ. પ.વર્ગ |
| [૨૦૯] | મદદનીશ વન સંરક્ષક, વર્ગ-૨ (Assistant Conservator of Forest,Class-II) | ૪૭ | ૨૪ | ૦૩ | ૦૭ | ૧૩ | ૦૮ | ૦૧ | ૦૨ | ૦૪ |
| | પરિક્ષેત્ર વન અધિકારી, વર્ગ-૨ (Range Forest Officer, Class-II) | ૧૨૦ | ૭૪ | -- | ૦૫ | ૪૧ | ૨૪ | -- | ૦૧ | ૧૩ |
| | કુલ જગ્યાઓ | ૧૬૭ | ૯૮ | ૦૩ | ૧૨ | ૫૪ | ૩૨ | ૦૧ | ૦૩ | ૧૭ |

**નોંધ :-** (૧) વિકલાંગ ધારો-૧૯૯૫ની જોગવાઈઓ અનુસાર ૩ ટકા જગ્યાઓ અનામત રાખવામાંથી સરકારશ્રીના તા.૨૪-૮-૦૯ તથા તા.૨૭-૮-૦૯ના ઠરાવથી મુક્તિ આપેલ હોઈ, P.H. ઉમેદવારોએ અરજી કરવી નહિ. (૨) મહિલાઓ માટે અનામત જગ્યાઓ ઉપર ઉમેદવારો ઉપલબ્ધ નહિ થાય તો આ જગ્યાઓ સંબંધિત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને ફાળવવામાં આવશે. **(૧) લાયકાતઃ-** (૧) પરીક્ષા માટે ઉમેદવાર ભારતની સંસદ કે રાજ્ય વિધાનસભા કાયદા હેઠળ સ્થાપિત કોઈપણ યુનિ. કે સંસદના એકટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી.એકટ-૧૯૫૬ના સેકશન-૩ હેઠળ યુનિ.તરીકે સ્થાપિત થયેલ શૈક્ષણિક સંસ્થાની નીચેના વિષય પૈકીના કોઈપણ એક વિષયની સ્નાતક પદવી ધરાવતો હોવો જોઈએ. ૧ઃ વનસ્પતિશાસ્ત્ર, ૨ઃ રસાયણશાસ્ત્ર, ૩ઃ ભૂસ્તરશાસ્ત્ર, ૪ઃ ગણિતશાસ્ત્ર, ૫ઃ ભૌતિકશાસ્ત્ર, ૬ઃ આંકડાશાસ્ત્ર, ૭ઃ પ્રાણીશાસ્ત્ર અથવા પશુપાલન અને પશુચિકિત્સા વિજ્ઞાન, ખેતી, વનવિજ્ઞાન (ફોરેસ્ટ્રી) અથવા ઈજનેરીની પદવી અથવા જેને સરકારે આ હેતુ માટે સમકક્ષ લાયકાત તરીકે માન્ય ગણેલ હોય તે લાયકાત ધરાવતા હોવા જોઈએ. **નોંધઃ-** ઉપર્યુકત સીધી ભરતીથી ભરવાની થતી કુલ જગ્યાઓ પૈકી ૨૫ ટકા જગ્યાઓ શક્ય હશે ત્યાં સુધી બી.એસસી.(ફોરેસ્ટ્રી) ના મુખ્ય વિષય સાથે સ્નાતકની પદવી ધરાવનાર ઉમેદવારોથી ભરવામાં આવશે. અરજી કરવાની છેલ્લી **તા.૩૦-૦૩-૨૦૧૦** સુધીમાં જે ઉમેદવારોના ૨૧ વર્ષ પુરા થયેલા હોય અને પદવી પ્રમાણપત્ર પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય પરંતુ જેનું પરિણામ પ્રસિદ્ધ થયેલ ના હોય તેવા ઉમેદવારોને પણ પ્રિલિમિનરી પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. મુખ્ય પરીક્ષા માટે આયોગે જે ઉમેદવારોને લાયક ઠરાવ્યા હોય તે બધા ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાના અરજીપત્રક સાથે પદવી પરીક્ષા પાસ કર્યા અંગેના પૂરાવા રજૂ કરવાના રહેશે. જે ઉમેદવાર પદવી પરીક્ષા પાસ કર્યાનો પૂરાવો રજૂ કરી શકશે નહિ તેવા ઉમેદવારને મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે નહિ. (૨) નીચે દર્શાવ્યા મુજબનું ઓછામાં ઓછું શારીરિક માપ ધરાવતા હોય : **(અ)** પુરૂષ ઉમેદવારની ઉંચાઈ ૧૬૫ સે.મી. (અને ફક્ત મૂળ ગુજરાતના અનુ.જનજાતિના ઉમેદવારો માટે ૧૬૦ સે.મી.) કરતાં ઓછી ન હોવી જોઈએ. છાતીનું માપ ફુલાવ્યા વગર ૭૯ સે.મી. અને ફુલાવેલ છાતીનું માપ ૮૪ સે.મી.થી ઓછું ન હોવું જોઈએ. (ફકત મૂળ ગુજરાતના અનુ.જનજાતિના ઉમેદવારો માટે છાતીનું માપ ફુલાવ્યા વગર ૭૬ સે.મી. અને ફુલાવેલ છાતીનું માપ ૮૧ સે.મી.થી ઓછું ન હોવું જોઈએ.) છાતીના ફુલાવવાનું પ્રમાણ ૫ સે.મી.થી ઓછું ન હોવું જોઈએ. (બ) મહિલા ઉમેદવારોના કિસ્સામાં ઉંચાઈ ૧૫૮ સે.મી. (અને ફકત મૂળ ગુજરાતના અનુ.જનજાતિની મહિલા ઉમેદવાર માટે ઉંચાઈ ૧૫૬ સે.મી.) કરતાં ઓછી ન હોવી જોઈએ. છાતીનું માપ ફુલાવ્યા વગર ૭૪ સે.મી. અને ફુલાવેલ છાતીનું માપ ૭૯ સે.મી. થી ઓછું ન હોવું જોઈએ. (અને ફકત મૂળ ગુજરાતના અનુ.જનજાતિની મહિલા ઉમેદવાર માટે છાતીનું માપ ફુલાવ્યા વગર ૭૧ સે.મી. અને ફુલાવેલ છાતીનું માપ ૭૬ સે.મી.થી ઓછું ન હોવું જોઈએ) છાતીના ફુલાવવાનું પ્રમાણ ૫ સે.મી.થી ઓછું ન હોવું જોઈએ. (૩) ગુજરાતી અને / અથવા હિન્દીનું પર્યાપ્ત જ્ઞાન. **(૨) પગાર ધોરણ :-** (૧) મદદનીશ વન સંરક્ષક, વર્ગ-૨ : રૂા.૯૩૦૦-૩૪૮૦૦ (ગ્રેડ-પે રૂા.૫૪૦૦), (૨) પરિક્ષેત્ર વન અધિકારી, વર્ગ-૨ રૂા.૯૩૦૦-૩૪૮૦૦ (ગ્રેડ-પે રૂા.૪૨૦૦). **(૩) ઉંમરઃ** અરજી કરવાની છેલ્લી તારીખ ૩૦-૦૩-૨૦૧૦ના રોજ ઉમેદવારે ૨૧ વર્ષ પુરા કરેલા હોવા જોઈએ અને ૨૮ વર્ષ પુરા કરેલા ન હોવા જોઈએ. ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાંઆવશે. ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.**૧.**મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ અને સા.અને શૈ.પ.વર્ગના ફકત પુરૂષ ઉમેદવાર -પાંચ વર્ષ, **૨.** બિન અનામત વર્ગના મહિલા ઉમેદવાર -પાંચ વર્ષ, **૩.** અનામત વર્ગના મહિલા ઉમેદવાર -૧૦ વર્ષ,(૫ વર્ષ મહિલા+૫ વર્ષ અનામત) **૪.** માજી સૈનિકો, ઈ.સી.ઓ. / એસ.એસ.સી.ઓ.સહિત -લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ. **(૪) અરજી કરવાની રીત :** આ જાહેરાતના સંદર્ભમાં આયોગ દ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા **તારીખઃ ૦૧-૦૩-૨૦૧૦ થી ૩૦-૦૩-૨૦૧૦ (સમય રાત્રીના૧૧-૫૯ કલાક સુધી) દરમ્યાન** http://ojas.guj.nic.in પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે (૧) સૌ પ્રથમ http://ojas.guj.nic.in પર જવું. હવે (૨) "Apply On line" Click કરવું. (૩) "A.C.F. / R.F.O." પર click કરવાથી જગ્યાની વિગતો મળશે. (૪) તેની નીચે "Apply Now" પર click કરવાથી Application ના Format માં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહિ લાલ ફુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે). (૬) Personal Details ભરાયા બાદ "Educational Details" ભરવા માટે "Educational Qualifications" પર click કરવું. (૭) જો વધુ લાયકાત દર્શાવવા માંગતા હોવ તો "Add more education" પર click કરવું. (૮) હવે ઉમેદવારે પરીક્ષા કેન્દ્ર "Exam Center" પર click કરવું. અહીં પોતાના પ્રથમ, દ્વિતિય અને તૃતીય પસંદગીના પરીક્ષા કેન્દ્ર ભરવા. (૯) તેની નીચે "Self declaration" પર click કરવું. ત્યારબાદ (૧૦) ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર click કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે. (૧૧) હવે "save" પર click કરવાથી તમારી અરજીનો online સ્વીકાર થશે. (૧૨) અરજી કર્યા બાદ ઉમેદવારનો "Application Number" generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે. (૧૩) હવે Upload Photograph પર click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર click કરો. અહીં photo અને signature upload કરવાના છે. (Photo નું માપ ૫ સે.મી.ઉંચાઈ અને ૩.૬ સે.મી.પહોળાઈ અને Signature નું માપ ૨.૫ સે.મી.ઉંચાઈ અને ૭.૫ સે.મી.પહોળાઈ રાખવી.) ( Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને Signature jpg format માં **(10 kb) સાઈઝ થી વધારે નહિ તે રીતે** computer માં હોવા જોઈએ.) "browse" button પર click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં jpg format માં તમારો photo store થયેલ છે, તે ફાઈલને select કરો અને "open" button ને click કરો. હવે "browse" button ની બાજુમાં "upload" button પર click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે. (૧૩) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date type કર્યા બાદ Ok પર click કરવાથી ત્રણ બટન (૧) ok (૨)show application preview અને (૩)confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો edit કરી લેવું. જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો confirm application પર click કરવું. તેથી ઉમેદવારની અરજીનો આયોગમાં online સ્વીકાર થઈ જશે. અહીં **"confirmation number"** generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. (૧૫) હવે print application પર click કરવું. અહીં તમારો confirmation number ટાઈપ કરવો અને print પર click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી.**અરજી ફી :** ઉમેદવારોએ પ્રિલિમિનરી કસોટી તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી કસોટી માટેજ પરીક્ષા ફી ભરવાની રહેશે. ૧ઃ બિનઅનામત પુરૂષ / મહિલા ઉમેદવારોએ પરીક્ષા સમયે રૂા.૧૦૦/-નો પ્રિલિમિનરી પરીક્ષાની તારીખ નકકી થયા બાદ ખરીદેલ અને સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગના નામનો ક્રોસ્ડ ભારતીય પોષ્ટલ ઓર્ડર સાથે લાવવાનો રહેશે અને પરીક્ષા હોલમાં ઈન્વીજીલેટરને સોંપવાનો રહેશે. (ફી રોકડમાં સ્વીકારવામાં આવશે નહિ) **ભારતીય પોષ્ટલ ઓર્ડર વગર આવેલ ઉમેદવારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ.** ૨ઃ મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી. ૩ઃ અનામત કક્ષાના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહિ. **(૫) સામાન્ય શરતો :** (૧) જાહેરાતમાં જે કક્ષાની અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત છે તેઓને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. (૨) અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહિ. (૩) બિનઅનામત તથા અનામત વર્ગોના મહિલા ઉમેદવારોને બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણત્રીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. (૪) (૧) સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-(ક) ના નમુનામાં તા.૩૧-૩-૨૦૦૯ ના રોજ પુરા થયેલ નાણાકીય વર્ષ માટેનું અર્થાત તા.૦૧-૦૪-૨૦૦૯ પછીની તારીખનું પ્રમાણપત્ર મુખ્ય પરીક્ષાના અરજી પત્રક સાથે રજુ કરવાનું રહેશે.(૨) પરિણીત મહિલા ઉમેદવારે આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે. (૩) અરજી સાથે પરિશિષ્ટ-ક ને બદલે એનેક્ષર-એ (અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો પણ અરજી રદ કરવામાં આવશે. (૪) જો ઉમેદવારે આ પ્રમાણપત્ર અરજી સાથે રજૂ કરેલ નહિ હાય તો તેઓની અરજી અમાન્ય ગણવામા આવશે અને બિન અનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવાશે નહિ. (૫) માજી સૈનિકો / અધિકારીઓને ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થાય છે. આ છૂટછાટ માજી સૈનિકો તથા ઈ.સી.ઓ. / એસ.એસ.સી.ઓ. સહિત કમિશન્ડ ઓફીસર્સ જેમણે લશ્કરની સેવાઓમાં ઓછામાં ઓછી પાંચ વર્ષની ફરજ બજાવી હોય અને લશ્કરી સેવા માટે શારીરિક અશકતતાને કારણે બરતરફ કે છૂટા કરવાના કારણસર મુદત પુરી થયેથી (જેમની મુદત છ મહિનામાં પૂરી થવાની હોય તેઓ સહિત) છૂટા થયેલ હોય તેઓને વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર થશે.(૬) મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ અને સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે. (૭) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તથા અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહિ. (૮) ઉમેદવારે અરજીપત્રકમાં કોઈપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું ઉમેદવારી પત્રક કોઈપણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેણે લાયકી ધોરણ મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે. (૯) એક જાહેરાત માટે જો એકથી વધુ અરજી મળેલ હશે તો તે વિચારણામાં લેવામાં આવશે નહિ. (૧૦) સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મેળવેલ ગુણના ૫ ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ તે

સમયે અને ત્યારબાદ પુનઃલગ્ન કરેલ ન હોવા જોઈએ ઉપરાંત આયોગની કચેરી માંગે ત્યારે તેના તમામ પુરાવાઓ અસલમાં આયોગની કચેરીમાં રજુ કરવાના રહેશે. (૧૧) ઉપરની જાહેરાતના સંબંધમાં પસંદ થયેલ ઉમેદવારોએ આખરી નિમણૂક પત્ર મેળવતા પહેલાં, ડિપાર્ટમેન્ટ ઓફ ઈલેક્ટ્રોનિક એક્રેડીટેશન ઓફ કોમ્પ્યુટર કોર્સિસ (ડીઓઈએસીસી) સોસાયટીનો કોર્સ ઓન કોમ્પ્યુટર કન્સેપ્ટની સમકક્ષ અથવા તે કક્ષાની રાજ્ય સરકાર વખતો વખત નક્કી કરે તેવી કોમ્પ્યુટરની લાયકાતે મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહિ ધરાવનાર ઉમેદવારને નિમણૂકને પાત્ર બનશે નહિ. **<u>(૬) પરીક્ષાની રૂપરેખા :</u>** આ પરીક્ષા બે ભાગમાં લેવાશે (૧) પ્રિલિમિનરી (Screening Test) નું હેતુલક્ષી પ્રકારનું (Multiple Choice Questions) સામાન્ય જ્ઞાનનું પ્રશ્નપત્ર (ગુજરાતી માધ્યમ) ૧૫૦ ગુણ અને ૨ કલાકના સમય માટે રહેશે. **સામાન્ય જ્ઞાનના પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ :** (૧) સામાન્ય વિજ્ઞાન, - રોજબરોજના વિજ્ઞાનના અવલોકનો અને અનુભવો કે જેણે વિજ્ઞાનની કોઈ શાખાનો વિશિષ્ટ અભ્યાસ કર્યો નથી તેવી વ્યક્તિ પાસેથી અપેક્ષા રાખી શકાય. અવલોકનો અને અનુભવો પાછળ રહેલા કાર્ય કારણોનો સંબંધ અને વૈજ્ઞાનિક સમજ (૨) સામાન્ય માનસિક ક્ષમતા-સામાન્ય બુદ્ધિ (શાબ્દિક અને અશાબ્દિક) ના સંદર્ભમાં તર્ક, સબંધોની સમજ, પ્રશ્ન નિરાકરણ કૌશલ્ય, સંકેતિકરણને લગતા પ્રશ્નો હલ કરવાની ક્ષમતા. (૩) રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્વની સાંપ્રત ઘટનાઓ-છેલ્લા ત્રણ વર્ષમાં બનેલી રાજ્ય કક્ષાની, રાષ્ટ્રકક્ષાની અને આંતરરાષ્ટ્રીય કક્ષાની બનેલી મહત્ત્વની ઘટના અંગેની જાગરૂપતા. (૪) ભારતીય રાજનીતિ અને અર્થ વ્યવસ્થા-રાષ્ટ્ર અને રાજ્ય કક્ષાએ રાજનૈતિક વ્યવસ્થા, પંચાયતી રાજ, સમાજ વિકાસ, અર્થ વ્યવસ્થા અને આર્થિક યોજના અંગેનું સામાન્ય જ્ઞાન. (૫) ભારતની સ્વાતંત્ર્યની પ્રાપ્તિ અને એ પછી બનેલા મહત્વના બનાવો અને તે અંગેનું સામાન્ય જ્ઞાન (૬) ભારત તથા ગુજરાતની ભૂગોળ, **પરીક્ષા સ્થળ :-** અમદાવાદ, ભાવનગર, ભૂજ, જુનાગઢ, મહેસાણા, રાજકોટ, સુરત, વડોદરા પૈકી આયોગ નક્કી કરશે તે રહેશે. પ્રિલિમિનરી પરીક્ષાએ માત્ર **Screening Test** છે. જે ઉમેદવારને મુખ્ય પરીક્ષા માટે આયોગ દ્વારા લાયક ગણવામાં આવશે તેને પ્રિલિમિનરી પરીક્ષામાં મેળવેલ ગુણ આખરી પાત્રતા માટેના નિર્ણયની ગણતરીમાં લેવામાં આવશે નહિ. જાહેરાતમાં દર્શાવેલ કુલ જગ્યાના આશરે ૧૫ ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. જે ઉમેદવારને આયોગ દ્વારા પ્રિલિમિનરી પરીક્ષામાં લાયક જાહેર કરવામાં આવેલ હશે પરંતુ તે મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટેની શરતો પરિપૂર્ણ કરતો હશે તો જ મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે. (૨) મુખ્ય પરીક્ષામાં લેખિત પરીક્ષા તથા મૌખિક કસોટીનો સમાવેશ કરવામાં આવેલ છે. લેખિત પરીક્ષામાં વર્ણનાત્મક પ્રકારના ૫ (પાંચ) પેપરો હશે. જેનું સ્થળ અમદાવાદ રહેશે. મુખ્ય પરીક્ષાના વૈકલ્પિક વિષયોમાં સ્કેલીંગ પદ્ધતિ અપનાવીને પરિણામ તૈયાર કરવામાં આવશે. મુખ્ય પરીક્ષાના લેખિત ભાગમાં આયોગ દ્વારા નક્કી કરવામાં આવેલ લઘુતમ લાયકી ધોરણ ધરાવતા ઉમેદવારોને મૌખિક કસોટી માટે બોલાવવામાં આવશે. મૌખિક કસોટીમાં જાહેરાતમાં દર્શાવેલ ખાલી જગ્યાના આશરે ત્રણ ગણા ઉમેદવારોને બોલાવવામાં આવશે. મૌખિક કસોટી ૭૦ માર્કસની હશે અને તે પણ લઘુત્તમ લાયકીધોરણ વગર હશે. **નિમણૂકઃ ઉપરની જાહેરાતના સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક માટે સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઈ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ.**

**તા.૦૧-૦૩-૨૦૧૦**

**નોંધ :- મદદનીશ વનસંરક્ષક તથા પરિક્ષેત્ર વન અધિકારી, વર્ગ-૨ની જગ્યાના ભરતી નિયમો, તથા મુખ્ય પરીક્ષાના વૈકલ્પિક વિષયોનો વિગતવાર અભ્યાસક્રમ, ફી, વયમર્યાદામાં છૂટછાટ, <u>અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે</u> તેની વિગતો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટિસ બોર્ડ અને આયોગની વેબસાઈટ www.gpsc.gujarat.gov.in તેમજ જાહેરાત ''ગુજરાત રોજગાર સમાચાર''તથા તેની વેબસાઈટ www.gujaratpublications.com ઉપર જોવા મળશે.**

**આ જાહેરાતના સંબંધમાં પ્રિલિમિનરી પરીક્ષા તારીખ ૩૦-૦૫-૨૦૧૦ ના રોજ લેવામાં આવશે.**
**વધુ માહિતી મેળવવા આયોગની કચેરીમાં, કચેરી સમય દરમ્યાન જરૂર જણાય તો ૦૭૯-૨૫૫૦૭૭૩૭ પર સંપર્ક સાધવો.**